અરજદાર વનિતા વા/ઓ અમૃતગીરી મેઘનાથી નાઓની બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૯૭/૫૦૩ મુજબ બેન્કમાં ફ્રીઝ થયેલી રકમ મુક્ત કરવા માટેની અરજી તળે હુકમ....

---

(૧) હાલના અરજદાર દ્વારા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૯૭/૫૦૩ મુજબ બેન્કમાં ફ્રીઝ કરાયેલી રકમ રૂા.૨૮,૨૨૦/- (અંકે રૂપીયા અઠ્યાવીશ હજાર બસ્સો વીસ પુરા) મુક્ત કરવા / રીફંડ કરવા અને પરત સોંપવા યોગ્ય હુકમ કરવા કરાયેલી છે. અરજદારની અરજીની હકીકત એવી છે કે,

‘(૧) અમો અરજદાર ઉપરોકત બતાવ્યા સરનામે અમારા પરીવાર સાથે રહીએ છીએ તથા હાલ અમો અરજદાર/ફરીયાદી સાથે સાઈબર ફ્રોડ બનેલ હતો, જે બનાવમાં મારા તથા મારા પતિના જોઈન્ટ BANK OF BARODA ના ખાતા નં.94880100005288 માં તારીખ 02/12/2025 તથા તા.03/12/2025 ના રોજ ઉપરોકત ખાતા માંથી કુલ રૂા. 71,500/– ઉપડી ગયેલ હતા.

(૨) જે બાબતે અમો અરજદારે/ફરીયાદી એ સાઈબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર 1930 માં ફોન કરી અમો અરજદાર એ ફરીયાદ નોંધાવેલ હતી. જેની ફરીયાદ સાઈબર ક્રામ પો.સ્ટે. ટિકીટ નં.31112250248058/2025 થી તા.04/12/2025 ના રોજ નોંધેલ હતી અને સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા ફરીયાદ નોંધ્યા બાદ

સામાવાળાના ખાતામાં અમો અરજદાર સાથે થયેલ ફોડના રૂા. 28,220/- ફ્રિઝ કરેલ છે.

(૩) સદરહું બનાવ એ રીતે બનેલ કે, અમો અરજદારે ગઈ તા. 02/12/2025 ના રોજ અમારા ફેસબુક એકાઉન્ટ પર એક જાહેરાત જોયેલ હતી, જે જાહેરાતમાં રાજ ગયાની નામના વ્યકિતના એકાઉન્ટ જાહેરાત જોયેલ કે જુના પાચના સિકકા તથા નોટ વેચવાની જાહેરાત આપેલ હતા જેમા નીચે તેમના મોબાઈલ નંબર.૯૦૭૯૩૨૨૩૦૬ આપેલ હતા અને અમો અરજદારે તે મોબાઈલ નંબર. ૯૦૭૯૩૨૨૩૦૬ પર જઈ ને કિલક કરતા વોટએપસ ખુલલે અને તેમા સામાવાળાને મેસેજ કરેલ હોય, જેથી રાજ ગયાની નામના વ્યકિતનો વોટએપસ પર ફોન આવેલ જણાવેલ,કે તમારી પાસે જે જુના પાચના સિકકા તથા નોટ છે તેના આ નંબર પર ફોટા મોકલો જેથી અમો અરજદારએ સામાવાળાને જુના પાચના સિકકા તથા નોટ ફોટા મોકલે હતા.

(૪) ત્યારબાદ અમો અરજદારને ઉપરોકત મળેલ મોબાઈલ નંબર.૯૦૭૯૩૨૨૩૦૬ ઉપર મેસેજ આવેલ કે આ નોટોના તમને પુરા ૪૨,૫૦,૦૦૦/-(બેતાલીસ લાખ પચ્ચાસ હજાર પુરા) આ જુના પાચના સિકકા તથા નોટોના તમને આપવામા આવશે અને જણાવેલ કે તમારે પહેલા આઈ. કાર્ડ બનાવવા માટે પહેલા રૂા.૫૨૦/- નો ચાર્જ મોકલવાના રહેશે જેથી અમોએ તેમને તા. 02/12/2025 ના રોજ તેમના દવારા એક કયુ.આર.કોડ મોકલવામાં આવેલ હતો તેમા અમો અરજદાર દવારા રૂા. ૫૨૦/- ગુગલ-પે દવારા મોકલી આપેલ હતા.

(૫) ત્યારબાદ અમો અરજદારે ગત તા. 03/12/2025 ના રોજ સામાવાળા ને જુના પાચના સિકકા તથા નોટોના રૂા.૪૨,૫૦,૦૦૦/- (બેતાલીસ લાખ પચ્ચાસ હજાર પુરા) અમો અરજદારને ક્યારે મલશે તે બાબતે પુછતા તેમણે જણાવેલ કે, તમારે હજુ પણ થોડા રૂપીયા અમોને આપવાના રહેશે અને આ બધા રૂપીયા તમને સાથે મળી જાસે જેથી તેમના જણવ્યા મુજબ અમો અરજદારે થોડા રૂપીયા મોકલેલ હતા અને ત્યારબાદ ફરી થી અલગ-અલગ બહાના કરીને જણાવેલ કે, તમારે હજુ પણ થોડા રૂપીયા અમોને આપવાના રહેશે તેવુ કહીને અલગ – અલગ ક્યુ.આર.કોડ મોકલી ને અમારી પાસેથી કુલ – ૭ જેટલા ટ્રાન્જેકશન કરાવી અને રૂા.૭૧,૫૦૦ /- ના ટ્રાન્જેકશન કરાવી લીધેલ હતા.

(૬) ત્યારબાદ અમો અરજદારે સામાવાળાને જુના પાચના સિકકા તથા નોટોના બદલામાં રૂપીયા માંગતા સામાવાળા દવારા હજુ વધુ રૂપીયા તમારે અમોને આપવાના રહેશે જેથી અમોએ સામાવાળાને રૂા. ૭૧,૫૦૦/- ટ્રાન્સફર કરેલ તે પરત અમારા ખાતામાં જમા કરાવાનુ કહેતા આ સામાવાળા એ અમારા રૂપીયા ધણો સમય વિતતા પણ અમારા ખાતામાં કોઈ રકમ સામાવાળા દ્વારા જમા ન કરતા અમો ને શંકા થયેલ કે અમારી સાથે જુના સિકકા તથા નોટોના બદલામાં રૂપીયા આપવાનો ઓનલાઈન સાયબર ફોડ થયેલ છે જેની અમો અરજદારે સાઈબર ક્રાઈમ પો.સ્ટે.ટીકીટ નં.31112250248058/2025 થી તા.04/12/2025 ના રોજ ફરિયાદ નોંધાવેલી.

:: <u>અરજદારના બેંક ખાતાની વિગતો</u> ::

ક્રમ	વિગત	
૧.	ખાતા ધારકનું નામ	વનિતાબેન વા/ઓ અમૃતગીરી મેઘનાથી
૨.	બેન્કનું નામ	(૧) BANK OF BARODA ના ખાતા નં.94880100005288
૩.	સાયબર ફ્રોડ થયાની તારીખ	02/12/2025
૪.	ફરિયાદ કર્યા તારીખ	04/12/2025

:: સામાવાળાના ખાતાની વિગત ::

ખાતા ધારકનુ નામ	ખાતા નંબર	બેંકનુ નામ	રકમ
MODHA TALIM	923010027858526 IFSC-utib0000576	AXIS BANK	10,000/-
DILSANA	442202120002497 IFSC-UBIN0544221	Union Bank of India	1,345/-
GOPAL SHISHRAM	50100565475798 IFSC-NSPB0000001	NSDL Payment Bank Ltd	16,875/-

(૭) સદરહું કામમા અમારા અરજદાર સાથે જે સાઈબર ફ્રોડ થયેલ હોય, તે ફ્રોડમાં અમારા અમારા રૂ.71,500/- ગયેલ હોય, અને અમો નોકરી કરતા હોય અને તે રકમ અમોની બચત ની રકમ હોય, આમ ઉપરોકત સંર્પૂણ રકમ અમારી માલીકીની હોય.

(૮) આમ, સદરહું સાઈબર ફોડના કામે ફિઝ થયેલ રકમ રૂા.28,220/–,જે અમો અરજદારની માલીકીના હોય અને સદરહું રકમ લાંબો સમય ફિઝ હાલત માં પડી રહે તો અમોને ઘણી મોટી આર્થિક નુકશાની જાય તેમ હોય તેમજ સદરહું રકમ અમો રોજ-બરોજના ઉપયોગમાં લેતા હોય, અને તેથી તે રકમ વગર હાલમાં પારવાર અને અગણીત પ્રકારની મુશ્કેલી થઈ રહેલ હોય, વળી સદરહું રકમની પોલીસને તપાસના કામે કોઈ જરૂરીયાત રહેલી ન હોય, વળી અમારી ઉપરોકત રકમ સાઈબર ક્રાઈમ પોલિસ ઢ્રારા સામાવાળાના ખાતામાં ફિઝ કરીને રાખેલ હોય, અને કારણ વગર આર્થિક નુકશાની સહન કરવી પડે તેમ હોય, અને તેથી પણ અમોને ફિઝ કરેલ રકમ પરત સોંપવાનો હુકમ ફરમાવવાના પુરતા અને વ્યાજબી કારણો છે.

(૯) વળી સદરહું ફિઝ કરેલ રકમ અમો અરજદારની માલીકીના હોય અને અમો અરજદાર ઉપરોકત સરનામે અમારા પરીવાર સાથે વસવાટ કરતાં હોય અને તે સંજોગોમાં જયારે નામ.કોર્ટ તપાસના કામે કેસ ચાલતા દરમિયાન ફિઝ કરેલ રકમ પરત રજુ રાખવાનો હુકમ ફરમાવશે ત્યારે અમો રજુ કરી આપશું, જો લાંબો સમય અમો અરજદારની માલીકીની ફિઝ કરેલ રકમ અમોને સોંપવામાં ન આવે અને પડતર હાલતમાં પડી રહેવાથી ખુબ મોટી આર્થિક નુકશાની વેઠવાનો વારો આવે તેમ હોય, જે તમામ હકીકતો ધ્યાનમાં રાખી ફિઝ કરેલ રકમ બેંકમાંથી ફિઝ થયેલ રકમ મુકત/રીફંડ કરવા આપ સાહેબને નમ્ર અરજ છે.

(૧૦) જેથી હાલની અરજી કરી અરજ કરવાની કે,

(૧) સાઈબર ક્રાઈમ પો.સ્ટે.ટીકીટ નં.31112250248058/2025 મુજબના કામે સાઈબર ક્રાઈમ પોલીસે ફ્રિઝ કરેલ રકમ રૂા. 28,220/- અંકે (અઠાવીસ હજાર બસો વીસ પુરા) બી.એન.એસ.એસ ની કલમ – 497 / 503 ની જોગવાઈ ધ્યાને લઈ અમોને પરત સોંપવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

(૨) સદર હું રકમ અમારા BANK OF BARODA ના ખાતા નં.94880100005288 જમા કરવા નો હુકમ ફરમાવવાનમ્ર અરજ છે.'

(૨) અરજદાર દ્વારા તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે.

૧. અરજદારના ફોટો આઇ.ડી. ની નકલ

૨. સાયબર ક્રાઇમ પો.સ્ટે.ટિકીટ

નં.૩૧૧૧૨૨૫૦૨૪૮૦૫૮/૨૦૫ ની નકલ

૩. બેન્ક ઓફ બરોડાના ખાતાના સ્ટેટમેન્ટની નકલ

૪. અરજદારના પાનકાર્ડની નકલ

(૩) અરજદારે હાલની અરજી કરતાં સાબચર ક્રાઇમ પોલીસ સ્ટેશન તરફથી અરજદારની અરજી સબંધે અભિપ્રાય મંગાવવામાં આવતા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ શ્રીએ તેમનો અભિપ્રાય આંક.૦૫ થી રજુ કરેલ છે જેમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

'સાયબર ક્રાઈમનો ભોગબનનાર વ્યકતિના નાણા જ્યારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે, ત્યારે આવા નાણાને તાત્કાલિક રોકવા

તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર દ્વારા સાયબર NCCRP PORTAL સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ હસ્તક ચાલુ છે. અને અમો પોલીસ કોન્સ. તરીકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન પોરબંદર ખાતે ફરજ બજાવીએ છીએ.

આ પ્રોજેકટ અંતર્ગત સાયબર ક્રાઇમ ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ (IRU) માં સાયબર ક્રાઈમનો ભોગબનનારના નાણા જ્યારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે, તેને તાત્કાલિક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઈમના ભોગબનનાર નાગરીકો સીધી જ પોતાની ફરિયાદ 1930 નંબર ડાયલ કરીને લખાવે છે. ત્યારે ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ (IRU) દ્વારા એક ટિકિટ નંબર આપવામાં આવે છે. તેમજ સાથો સાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં જે તે નાગરિકના નાણા ગયેલા હોય, તે બેંકને નાણા ફ્રીઝ કરાવવા તેમજ જો તે નાણા ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહિતી આપવા માટે અત્રેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ 94 તથા 106 હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસના આધારે બેંકો દ્વારા આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણા ફ્રીઝ કરવામાં આવે છે.

આપ સાહેબની કોર્ટના ફો.પ.અ.નં. ૭૬/૨૬ ના કામેના અરજદાર વનિતાબેન વા/ઓ અમૃતગીરી મેધનાથી જાતે-બાવાજી ઉ.વ.૪૦ ધંધો ઘરકામ રહે.ગ્રીન સીટી -૦૨ મંગલમ હોસ્પીટલની સામે તા. રાણાવાવ જી. પોરબંદર વાળાએ ગઈ તા. 04/12/2025 ના રોજ

૧૯૩૦ માં ફોન કરી પોતાની સાથે થયેલ સાયબર ફ્રોડની ફરીયાદ કરેલ હતી. જે ફરીયાદના આધારે અરજદારને ટિકિટ નંબર 31112250248058 આપવામાં આવેલ છે. અરજદારે ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની સાથે ગઇ તા. 02/12/2025 ના રોજ સાયબર ફ્રોડનો જે બનાવ બનેલ તેમા અરજદારના તથા તેમના પતિના જોઈન્ટ એકાઉન્ટ BANK OF BARODA ના ખાતા નં. 94880100005288 માંથી કુલ રૂ. રૂ. ૭૧,૫૦૦/- ગયેલ હતા.

અરજદારની ફરીયાદ આધારે સાયબર ક્રાઈમ સેલ સી.આઇ.ડી. ક્રાઈમ દ્વારા અરજદારના ઉપરોકત ખાતા માંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના શંકાસ્પદ બેંક ખાતા તેમજ ખાતા ધારકની વિગત નીચે મુજબ છે.

ખાતા ધારકનુ નામ સરનામુ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઇ.ડી.	ખાતા નંબર અને IFSC કોડ	બેંકનુ નામ	રકમ
MODHA TALIM HOUSE NO371, MEWAT GURGAON HARYANA	923010027858526 IFSC-utib0000576	AXIS BANK	10,000/-
DILSANA NEB HOUSING BORD DAUDPUR ALWAR RAJASTHAN	442202120002497 IFSC-UBIN0544221	Union Bank of India	1,345/-
GOPAL SHISHRAM odhra Kishangarh Bas Maneha, ALWAR	50100565475798 IFSC-NSPB0000001	NSDL Payment Bank Ltd	16,875/-

RAJASTHAN			

જે નાણા પાછા મેળવવા માટે ફો.પ.અ.નં. ૧૨૩/૨૬ ના કામેના અરજદાર વનિતાબેન વા/ઓ અમ્રુતગીરી મેધનાથીએ આપ સા.ની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારું અમારો અભિપ્રાય માંગેલ છે.

આ બાબતે આપ સા.ની કોર્ટને વિનંતી સહ જણાવવાનું કે, અરજદારશ્રીના ગયેલા નાણા પૈકી સામાવાળા શંકાસ્પદ ઉપરોક્ત ખાતાઓ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) કલમ 106 મુજબ ફીઝ થયેલ છે. સદરહુ ખાતા સીઝ કર્યા બાદ NCCRP SOP રિફંડ માર્ગદર્શિકા મુજબ શંકાસ્પદ ખાતા ધારકને પો.સ્ટે.થી તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ નોડલ મારફતે ઈ-મેઈલ કરી જો કોઈ સમસ્યા અથવા વાંધો હોય તો નોટીસમાં જણાવેલ મેઈલ અને સંપર્ક નંબર પર દિન-૭ (સાત)ની અંદર અત્રેના પો.સ્ટે. સમ્પર્ક કરવા જણાવેલ હોવા છતા ખાતેદાર કે અન્ય કોઇ વ્યક્તિએ ખાતા સીઝ કર્યા બાબત અમારા(પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર જણાવેલ નથી જેથી, આપ નામદાર કોર્ટની યોગ્ય શરતોને આધિન રહી અરજદારશ્રીને તે રૂપિયા પાછા આપવા અમારો અભિપ્રાય થાય છે.’

(૪) હાલના કામે રજુ થયેલ અરજદારની અરજી તેમજ તેની સાથેના દસ્તાવેજો અને તપાસ કરનાર અમલદાર તરીકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ શ્રીનો અરજદારની અરજી પરત્વેનો અભિપ્રાય વિગેરે વંચાણે લેતાં આ કામના અરજદાર સાથે સાયબર ફ્રોડ થયેલ હોવાનું

પ્રથમ દર્શનીય જણાય છે અને તે ગુન્હાના કામે અરજદારના બેન્ક ઓફ બરોડાના ખાતા નં.94880100005288 માંથી કુલ રૂ.૭૧,૫૦૦/- ઉપડી ગયેલા હોવાનું અને તે રકમ પૈકી રૂા.૨૮,૨૨૦/- (અંકે રૂપીયા અઠ્યાવીશ હજાર બસ્સો વીસ પુરા) અરજીમાં જણાવેલ વ્યક્તિઓના નામે રહેલા શંકાસ્પદ બેંક ખાતાઓમાં તપાસ કરનાર અમલદારના રજુ થયેલ અભિપ્રાયમાં જણાવેલ વિગતે જમા થયા બાદ પોલીસ તપાસ દરમ્યાન સીઝ થયેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની અરજીની હકીકત તથા સોગંદનામાની હકીકત ધ્યાને લેતાં અરજદારને જો તે નાણાં પરત સોંપવા અંગે હુકમ કરવામાં ન આવે તો અરજદારને આર્થિક નુકશાની જાય તેમજ નાણાંકીય અગવડતા ભોગવવી પડે તેમ છે તેમજ કહેવાતા નાણાં શંકાસ્પદ ખાતાઓમાં જમા થયા બાદ તપાસ કરનાર અમલદાર દ્વારા ખાતાધારકને નોડલ મારફતે ઈ-મેઈલ મારફતે તે બાબતે જાણ કરી વાંધો રજુ કરવા જણાવવામાં આવેલ હોવા છતાં ખાતેદાર કે અન્ય વ્યક્તિ દ્વારા કોઈ વાંધો કે તકરાર રજુ કરવામાં આવેલ નથી કે તેવા નાણાં ઉપાડવા માટેનો પ્રયત્ન પણ કરવામાં આવેલો નથી ત્યારે આવી રકમ વધુ સમય માટે બેંક ખાતામાં હોલ્ડ પર બીન વપરાશી અવસ્થામાં ન રાખી મુકી હાલના અરજદારને પરત સોંપવા હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાતું હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

પોરબંદર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ટીકીટ નં.૩૧૧૧૨૨૫૦૨૪૮૦૫૮ ની થયેલ કાર્યવાહી દરમ્યાન અરજદારની અરજી તથા તપાસ કરનાર અમલદારના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, પોરબંદર શહેરના તા.૦૨/૦૩/૨૦૨૬ ના જા.નં.૪૯૯ વાળા અભિપ્રાયમાં જણાવ્યા મુજબની વિગતે જમા થયેલી કુલ રકમ ₹.૨૮,૨૨૦/- (અંકે રૂપીયા અઠ્યાવીશ હજાર બસ્સો વીસ પુરા) કે જે તપાસના કામે સીઝ કરાયેલ/હોલ્ડ પર રખાયેલ છે તે અરજદારને નીચેની શરતોને આધીન તેમના બેન્ક ઓફ બરોડાના ખાતા નં.94880100005288 માં જમા કરાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આ માટેની જરૂરી કાર્યવાહી સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

શરતો :

૧. આ કામે જે બેંક ખાતામાંથી અરજદારને નાણાં ચુકવી આપવામાં આવે છે તે ખાતેદારો દ્વારા ભવિષ્યમાં જો કોઈ વાંધા કે તકરાર લેવામાં આવે તો અરજદારને મળેલ રકમ કોર્ટમાં જમા કરાવવાની બાંહેધરી માટે અરજદારે તેઓને મળવાપાત્ર રકમની દોઢી રકમના સદ્ધર જામીન અને જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા.

૨. આ કામે ત.ક.અ. ના અભિપ્રાય વંચાણે લેતાં તપાસ દરમ્યાન પ્રથમ દર્શનીય રીતે સાયબર ફ્રોડ થયેલ હોવાનું જાહેર થયેલ હોય તે બાબતની એફ.આઇ.આર. સબંધીત પોલીસ સ્ટેશનમાં નોંધી તે બાબતે જરૂરી તપાસ કરી તે અંગેની કાર્યવાહીનો વિગતવારનો રીપોર્ટ અત્રે રજુ કરવો તથા અરજદારની બાકી રહેતી રકમ બાબતે તપાસ ચાલુ રાખવી.

અરજદાર તરફે જામીન રજુ થયા બાદ આ હુકમની યોગ્ય અમલવારી થવા માટે સબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ તા.૧૩મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

કુનાલ રાજેશભાઇ રાઠોડ
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.
(કોડ નં.જી.જે.૦૧૧૨૯)